# GOVERNMENT BBA COLLEGE

[Self-Finance & Affiliated to Gujarat University]

Shri K.K.Shastri Educational Campus, Khokhra Road, Maninagar (E), Ahmedabad-380008.

URL: https://www.gbbamaninagar.org/ Phone:079-264626660 E-Mail: gbba385@gmail.com


Azadi Ka Amrit Mahotsav

તા:૨૦/૧૦/૨૦૨૨

## "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ અંતર્ગત રાજ્ય કક્ષાના ગ્રાન્ડ ફિનાલે મેગા ક્વિઝના કાર્યક્રમ" અંગે

આથી અત્રેની સરકારી બીબીએ કોલેજ(સ્વનિર્ભર) ના શૈક્ષણિક વર્ષ:૨૦૨૨-૨૩ ના BBA ના તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, ગુજરાત રાજયમાં શિક્ષણના વિકાસને વેગવંતુ બનાવવા માટે સરકાર હરહંમેશ વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યોમાં વધારો થાય તે આધારિત પ્રયત્નો કરતી રહે છે. ગુજરાત રાજયના ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિધાર્થીઓ તથા ગુજરાત રાજયની ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો અને રાજયની સરકારી અને ખાનગી યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તથા અન્ય કેટેગરીના વિધાર્થીઓ તેમજ ગુજરાત રાજયના તમામ પ્રજાજનો ભાગ લઈ શકે તે માટે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વીઝ(G3Q)"નું આયોજન કરવામાં આવેલ છે.

ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ અંતર્ગત તાલુકા કક્ષાની સ્પર્ધા તેમજ જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ થયેલ છે. હવે ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ(G3Q)ની રાજ્ય કક્ષાના ગ્રાન્ડ ફિનાલે મેગા ક્વિઝનું આયોજન તા:૨૧/૧૦/૨૦૨૨ના રોજ TransStadia Stadium, Maninagar, Ahmedabad ખાતે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ભારત સરકારના માન.શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં સાંજના ૦૫:૦૦ વાગ્યાથી રાત્રીના ૦૮:૩૦ વાગ્યા સુધી આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં જાણીતા પાર્શ્વગાયક શ્રી કૈલાશ ખેર દ્વારા વિધાર્થીઓમાં દેશ ભક્તિ અને જ્ઞાન શક્તિને અભિવૃદ્ધિ કરતી સંગીતમય પ્રસ્તુતિ પણ કરવામાં આવનાર છે.

- આથી, આ રાજ્ય કક્ષાના ગ્રાન્ડ ફિનાલે મેગા ક્વિઝમાં પધારવા અત્રેની કોલેજના તમામ વિદ્યાર્થીઓને ભાવભર્યું આમંત્રણ છે.

- આ રાજ્ય કક્ષાના ગ્રાન્ડ ફિનાલે મેગા ક્વિઝમાં ઉપસ્થિત રહેવા માટે નીચે મુજબની લિંક પર વિદ્યાર્થીઓએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીઓને TransStadia Stadium ખાતે એન્ટ્રીની વિગત ઈ-મેઈલથી મોકલવામાં આવશે.

- રજીસ્ટ્રેશન લિંક: **https://cutt.ly/Transstadia-event**

(ડૉ.યોગેશ યાદવ)
આચાર્ય
સરકારી બીબીએ કોલેજ(સ્વનિર્ભર),
મણિનગર(પૂર્વ), અમદાવાદ